રામભકત

વર્ષ : ૨૦, - અંક સંખ્યા :૫ - સલંગ અંક : ૨૨૦
વિ.સં. : ૨૦૮૧ શ્રાવણ - દિનાંક : ૧૦-૦૮-૨૦૨૫

સર્વે રામાનંદી સાધુ સમાજને શ્રીકૃષ્ણ
જન્માષ્ટમી ની હાર્દિક શુભકામનાઓ

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

!! Shri Ganeshay Namah !!

BIODATA



PERSONAL DETAILS

Name	: DARSHAN SADHU (USA)
Date of Birth	: 8 November 2000
Time of Birth	: 10:05 AM
Place of Birth	: Viramgam. Ahmedabad
Rashi	: Meena (Pisces)
Nakshatra	: Uttara Bhadrapada
Complexion	: Medium
Height	: 5 feet 3 Inches
Weight	: 60KG
Education	: B.E. in Electrical Engineering
Job/Occupation	: Job
Religion/Caste	: Hindu/ Ramanandi Sadhu
Hobby	: Traveling, Learning New Skills and Watching Movie.

Important Note :- who the family are interested in USA only that family can contact us.

FAMILY DETAILS

Father Name	: DR. BALDEVDAS SADHU (USA)
Father's Occupation	: Business in U.S.A.
Mother Name	: CHANDRIKA BEN SADHU(USA)
Mother's Occupation	: N/A
Sister Name (Younger)	: HIMANI SADHU(USA)
Sister's Education	: MCA
Sister Name (Younger)	: KRUPA SADHU(USA)
Sister's Education	: 12th

CONTACT DETAILS

Father - Dr. Baldevdas Sadhu (U.S.A.) :

+1(470)399-1593 (Only WhatsApp)

Darshan Sadhu(USA) :

+ 1 (762) 399-0982 (Only WhatsApp)

ADDRESS

Undipod street, Village- Ghumasan, Ta. Kadi. Dist Mehsana, Gujrat

અમેરિકામા સહ પરિવાર કાયમી વિઝા થતા અને વિદેશમાં સ્થાયી થતાં ખુશાલી ભેટ તથા દર્શનભાઈની સગાઈ માટે સંસ્કારી દેખાવડી, વેલ એજ્યુકેટેડ અને અમેરિકા આવવા ઈચ્છુક કન્યાના પરિવારમાંથી પુછપરછ આવકાર્ય છે.

રૂ.૩૦૦૦/-પ.નં. થી જમા મળેલ છે.

!! Shri Ganeshay Namah !!

BIODATA

રૂ.૧,૫૦૦/-પ.નં. ૬૧૪૭ થી જમા મળેલ છે.

Personal Information

Full Name	: Lashkari Krishna Hitendrabhai
Date of Birth	: 23/12/1999
Height	: 5 Feet 5 Inches
Weight	: 46 kg
Complexion	: Brown

Education & Occupation

Qualification	: M.Sc.(Microbiology), B.Ed.
Occupation	: Teacher

Family Details

Father's Name	: Lashkari Hitendrabhai jamanadas
father's Occupation	: Branch post master (BPM)
Mother's Name	: Lashkari Pragnaben Hitendrabhai
Mother's Occupation	: Housewife
Younger Brother	: Lashkari Abhi Hitendrabhai
Brother's Occupation	: M.Sc. (Chemistry)

Contact & Address

Contact NO.	: +917567684404
Residential address	: Rajpur, Morbi, Gujarat.363641
Native	: Thorala, Morbi, Gujarat.363641

BIODATA

Personal Details

Full Name	: AGRAVAT AKSHAY PRAVINBHAI		
Date of Birth	: 31/12/1995	Height	: 5'5" FT.
Place of Birth	: CHORWAD, GUJRAT	Caste	: RAMANANDI SADHU
Blood Group	: B+	Higher Education	: BE(ELECTRICAL)
Job	: PRIVATE COMPANY		
Other	: ASSOCIATED WITH FAMILY BUSINESS		

Family Details

Father Name	: AGRAVAT PRAVINBHAI R.
Father Occupation	: BUSINESS (MACHINE SPAREPARTS)
Mother Name	: AGRAVAT INDUBEN P.
Mother Occupation	: HOMEMAKER
Sisters	: 2 MARRIED
Brothers	: DR. AKASH AGRAVAT(M.B.B.S)

Contact Details

Mobile Number : 99258 22512

Address :

"HEMKUNJ", NEAR GOV. HOSPITAL, CHORWAD, DIST. JUNAGADH - 362250

રૂ.૧,૫૦૦/-પ.નં. ૭૬૭૧ થી જમા મળેલ છે.

BIODATA

DHARMIK
AMRISHBHAI AGRAVAT

PROFILE
FULL NAME :
DHARMIK AMRISHBHAI AGRAVAT
BIRTH DATE : 22/05/2000
BIRTH PLACE : SAVARKUNDLA
RASHI : Gemini(dhan)
ADDRESS :
kharakuva no khancho, karbhari ni Khadki, Dahegam,
Dist. Gandhinagar-382305,Gujarat.

CONATACT :
PHONE:
+9198257 65787 / +9194269 70373 / +9188663 13855

EMAIL :
agravtdharmik69@gmail.com

EDUCATION
B.OM,M.COM,PIRSUING C.A

WORK EXPERIENCE
MORE THEN ONE YEAR
Anunay fab pvt.ltd. JUNIOR ACCOUNTANT

HOBBIES
Music, Travelling, Cricket, Tracking Exploring The Unexplored

FAMILY DETAILS
Father : Amrishbhai Balubhai Agravat
Occupation : Bussiness, General Store & Stationary at Dahegam.
Contact : 98257 65787

Mother : Naynaben Amrishbhai Agravat
Occupation : Primary Teacher at Dahegam.
Contact : 98257 65787
Nana : Ghanshyambapu Ramanuj (Raghav)
Bajrangdasbapa kanya chhatralay, Savarkundla.
Contact : 94269 70373
Brother/Sister : Nil, I am the only son of my parents.

રૂ.૧,૫૦૦/-પ.નં. ૭૬૮૨ થી જમા મળેલ છે.

બાયોડેટા

નામ : કુબાવત ખુશાલીબેન બિપિનભાઈ
જન્મ તારીખ : ૦૪/૦૨/૨૦૦૦
ઊંચાઈ : ૫''
વજન : ૫૦ કિ.ગ્રા.
અભ્યાસ : B.SC.Nursing
વ્યવસાય : સ્ટાફ નર્સ : કાયમી સરકારી PDU હોસ્પીટલ રાજકોટ

પરિવાર :
પિતા : બિપિનભાઈ નરહરદાસ કુબાવત
સાંવરિયા શેઠ ટ્રેડિંગ કું. માર્કેટીંગ યાર્ડ, ગોંડલ
માતા : સ્મિતાબેન બિપિનભાઈ કુબાવત (શિક્ષિકા)
ભાઈ : સહર્ષ બિપિનભાઈ કુબાવત (B.SC. Running)
મો.નં. : ૭૯૯૦૮ ૨૨૭૫૫ / ૯૪૨૯૩ ૧૫૬૨૮
સ્મિતાબેન : ૯૪૨૭૧ ૮૩૫૦૧
મોસાળ : વિજયકુમાર ભુપતરાય રામપ્રસાદી
સરનામું : મું.ઊના, જી.ગીર સોમનાથ, મો.૮૨૦૦ ૧૬૦ ૯૬૨

નોધ : ચિ.ખુશાલીબેન માટે સરકારી નોકરી કરતા અથવા તેને સમકક્ષ દિકરાના વાલી તરફથી વ્યાવહારિક પૂંછતાછ આવકાર્ય છે.

રૂ.૧,૫૦૦/-પ.નં. ૭૭૨૩ થી જમા મળેલ છે.

સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

રામભક્ત

માસિક મુખપત્ર



માલિક

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

તંત્રી/પ્રકાશક

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

પ્રમુખશ્રી

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

મહામંત્રી

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

પ્રકાશન સ્થળ

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

મુદ્રક

હરિ:ૐ ઓફસેટ પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

: પ્રચાર મંત્રીશ્રીઓ :

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

: પેટા કાર્યાલય :

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬

પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com

લવાજમ દરો...
ભારતમાં વાર્ષિક રૂ.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂ.૨૫૦૦/- છુટક કિંમત રૂ.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.
80G No. : AAFTS4033AF20224

બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

૧. ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક - સાવરકુંડલા	ખાતા નં. : ૬૧૦૦૦૩૦૧૨૧૭૫	IFSC : GSCB0BVN003
૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા	ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫	IFSC : SBIN0060013

ગપ મારવી નહી, જપ છોડવા નહી, લપ કરવી નહી

તંત્રીની કલમે.....



આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

શ્રાવણ માસ એટલે હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરતો તહેવારનો માસ. શિવાલયો-નંદાલયોમાં જે ભીડ જોવા મળે છે તે અન્ય માસમાં નથી હોતી. દેખા-દેખીને બદલે શ્રધ્ધાથી સમજી વિચારીને કરેલ કાર્ય સફળતા અપાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ તેમની બધી જ લીલાઓ દ્વારા સંસારમાં સ્થિતપ્રજ્ઞ કઈ રીતે રહી શકાય તેનો સંદેશ આપીને સમજાવે છે કે, સંસારમાં લોપાયા વિના કૃષ્ણ સાથે સંવાદ રાખીને જીવનને કૃષ્ણના જીવન સંગીતની સાથે જોડી શકાય છે. લોકો સત્યને છુપાવવા અસત્યનો આશ્રય લે છે, જુઠનો આશ્રય લે છે. અને કેટલાંક સમય માટે એ જુઠના વાદળો વચ્ચે આવી જાય છે ત્યારે સત્યનો સૂર્ય ઢંકાઈ જાય છે પરંતુ એ વાદળ કેટલાં દિવસ ? એક દિવસ તો એ વિખેરાવાના જ છે. અને **સત્યનો સૂરજ પ્રકાશ સાથે આગળ આવશે જ !**

ગીતાજીના સાતમાં અધ્યાયમાં જ્ઞાન-વિજ્ઞાન યોગની વાત શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનજીને સમજાવેલ છે. અને તેની ચોથા અધ્યાયમાં પ્રગટ કરાવેલ છે. જે આજના અર્ણુ વિજ્ઞાનનું પણ સામ્ય દર્શાવે છે. જ્યારે જ્યારે અરાજકતા વ્યાપે છે ત્યારે તેનો સદઉપયોગ કરે છે. પૃથ્વી પરની જડ-ચેતન પ્રકૃતિમાં જ્યારે જ્યારે કોઈ ગડબડ પેદા થાય છે યા તો અધર્મ ફેલાવા લાગે છે ત્યારે સાધુ ચરિત પુરૂષોના રક્ષણ કરવા માટે **"પરિત્રાણાય સાધુના વિનાશાય ચ દુષ્કૃતામ્"** કોઈ યુગ પુરૂષને મોકલીને યાતો સ્વયં અવતાર ધારણ કરીને ફરીથી સુરાજયની સ્થાપના કરે છે.

સ્વામી રામદાસ, શ્રી જગદ્‌ગુરૂ રામાનંદાચાર્યજી, અહલ્યાબાઈ, ગાંધીજી કે પછી ખૂદ શ્રીકૃષ્ણ ભગવાન જેવા અવતાર ધારણ કરીને અરાજકતા અટકાવવા હથિયાર ધારણ કરીને રાવણ કે કંસ જેવી મનોવૃતિ ધરાવનારની સાન ઠેકાણે લાવવા જરૂરથી કોઈ દેવી શક્તિ આવીને સજ્જનોની રક્ષા કરી સુરાજય સ્થાપે છે આ સૃષ્ટિનો જ નિયમ છે. આવું જરૂર બનતું હોય છે. બને છે પણ દ્રષ્ટિ જોઈએ. આપણા ઘરમાં, ગામમાં, કોઈ સંસ્થા કે રાજ્ય કે પછી દેશમાં **દ્રષ્ટિકોણ બદલાય ત્યારે સમજવું કે, આ કાર્યમાં જરૂર કોઈ દૈવી શક્તિ અસર કરી રહી છે.** તો આવા અવતારીની યાદી રૂપે શ્રાવણ વદ અષ્ટમીના રોજ રાત્રીના ૧૨ વાગે શ્રીકૃષ્ણ ભગવાન અવતરણ કરીને આસુરી કંસનો વધ કરી સુરાજયની સ્થાપના કરી હતી જેની યાદી રૂપે શ્રીકૃષ્ણનો જન્મોત્સવ મનાવીએ છીએ જેથી આપણામાં રહેલા અંતર શત્રુને હણવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે જન્મોત્સવ નંદમહોત્સવ મનાવીએ.

તેવી જ રીતે દેવાધિદેવ અજન્મા સદાશીવની ઉપાસના કરવાનું પણ અતિ મહત્વ રહેલ છે. શીવપૂજન દ્વારા શિવ કૃપા થવાથી પ્રકૃતિ અને કર્મ બધુ જ વશમાં આવી જાય છે. આદયગુરૂ શંકરાચાર્યજી કહે છે, **"આત્મ ત્વં ગિરિજામતિ"** હે શીવ આપ દરેક શરીરમાં આત્મ રૂપે બિરાજમાન છો અને માતા પાર્વતી બુધ્ધિ રૂપે બિરાજમાન છે. શીવજીના ચારિત્ર્ય અને તેમના દર્શનથી ફલિત થાય છે કે, તેમને કોઈ આડંબર કોઈ ઐશ્વર્યની જરૂર નથી બસ **"ચપટી ભભૂત મે હૈ ખજાના કુબેરકા"**

આમ આપણને થોડામાં ઘણું માની લેવાનું શીખવે છે. ૧૮ પુરાણો અને શીવપુરાણમાં શીવજીએ શારીરિક, માનસિક, વાચિક, નીંદા કરવી અને કુસંગ જેવા પાંચ પાપોથી બચવા શિવલીંગ ઉપર જળાભિષેક સાથે બીલીપત્રો અર્પણ કરતાં કરતાં મહામૃત્યુંજય મંત્ર બોલવાથી ભોલેનાથ પ્રસન્ન થવાથી મનોકામના પૂર્ણ થાય છે.

તેમજ શ્રાવણી બળેવ ભાઈ-બહેનનું મહાપર્વ રક્ષાબંધનનો મહા તહેવાર જે બહેન ભાઈને શુભાશિષ આપી શુભ મનોકામના પાઠવે છે. તેવી જ રીતે શ્રાવણી પૂર્ણિમા તો યજ્ઞોપવીત(જનોઈ) બદલીને કે ધારણ કરીને વેદાભ્યાસ તરફ વળવાનો સારસ્વત મહોત્સવ પણ છે. ધર્મ શાસ્ત્રકારોએ મનુ સ્મૃતિ જેવા ગ્રંથોમાં મનુષ્યના જન્મથી મૃત્યુ સુધીના જીવનને સંસ્કારવાના સોળ સંસ્કાર પૈકીનો ઉત્તમ સંસ્કાર એટલે યજ્ઞોપવિત સંસ્કારનો પણ ઉત્સવ મનાવીએ.

છેલ્લે :- **આમ આખો પવિત્ર શ્રાવણ માસ તહેવારોથી ભરપુર છે. આવા તહેવારોથી સામાજિક ગુણોનો વિકાસ થાય છે. સૌ હળી મળી લોકજીવન માણવાથી એકતા જેવા ગુણો વિકસે છે તેથી જ લોક મેળાનું આયોજન કરવામાં આવે છે.આ આપણી સંસ્કૃતિ છે.**

તંત્રી...

-: માનવ સેવાના ભેખધારી :-

સ્વ. શ્રી નર્મદાબેન ભાણદાસ નિમાવત ચેરીટેબલ ટ્રસ્ટ મોરબી
ફ્રિ ટીફિન સેવા સાથે ટ્રસ્ટ દ્વારા અન્ય સેવાઓ.

શ્રી વિનોદભાઈ ભાણદાસજી નિમાવત - મોરબી.

મોરબી વિસ્તારમાં નિરાધાર, નિઃસહાય, અશક્ત ઉમર વાળાને ઘરે ઘરે રૂબરૂ જઈને બે વખત ટિફિન પહોંચાડવાની ઉમદા સેવા માટે શ્રીવિનોદભાઈ ભાણદાસજી નિમાવતનું નામ જાણીતું છે.

શ્રી વિનોદભાઈ નિમાવત રેલ્વેમાં પાયલોટ તરીકે ફરજ બજાવી તા - ૩૧/૭/૨૦૧૯ માં નિવૃત થયેલ. પોતાને પેન્શન પેટે પ્રતિમાસ મળતી રકમ રૂ/- ૭૪૦૦૦/- પુરેપુરી સેવાકીય પ્રવૃતિઓમાં વાપરે છે. પોતાના પરિવારની વાત કરવામાં આવેતો વિનોદભાઈને બે પુત્રો તથા એક પુત્રી છે. આ ત્રણેય સંતાનોના લગ્ન થઈ ગયેલ છે, અને બધા વેલસેટ છે. જેથી બાળકો ની જવાબદારી પુરી કરી દીધેલ છે.

વિનોદભાઈના ધર્મપત્નીનું બિમારીના કારણે અવશાન ૨૦૧૯ માં થતા પોતાનુ જીવન માનવ સેવામાં સમર્પણ કરેલ છે. હાલમાં પોતાનો મોટો પુત્ર બેંકમાં સર્વીસ કરે છે. તેમની સાથે રહે છે.

● ફ્રિ ટીફિન સેવા ●

સ્વ. શ્રી નર્મદાબેન ભાણદાસ નિમાવત ચેરીટેબલ ટ્રસ્ટ મોરબી દ્વારા કરવામાં આવતી સેવાઓ આ મુજબ છે.

- દિવસ દરમ્યાન બે વખત અનાથ - ગરીબ - વૃધ્ધ પરિવારોના ઘરે - ઘરે જઈને ટિફીન સેવા પુરી પાડવી.
- હાલમાં દરરોજ ૧૦૦ થી ૧૨૫ ટિફિનોનું વિતરણ કરવામાં આવે છે. (દરરોજ-૩૬૫ દિવસો)
- આ સંસ્થા દ્વારા ઝુંપડ-પટ્ટીના બાળકોને દરરોજ બે કલાક શિક્ષણ - સંસ્કારનું સિંચન કરવામાં આવે છે.
- રતનપર ખાતે પોતાનું પ્લે હાઉસ તથા સાંજે અન્નક્ષેત્ર ચલાવે છે. જેમાં આપણી જ્ઞાતિના બે માણસો રાખેલા છે.
- શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા આપણા રામાનંદીય સાધુ જ્ઞાતિના ગરીબ પરિવારના હોશિયાર વિદ્યાર્થી કે જેઓને કોઈપણ પ્રકારનું વ્યસન ન હોય તેવા માટે શ્રી વિનોદભાઈ દ્વારા રહેવા જમવા-ભણવા કપડા વગેરેની સગવડતા કરાવી આપશે જે માટે તેનો ફોન નં. ૯૯૦૯૦ ૧૨૨૯૬ ઉપર સંપર્ક કરવો.
- પોતાની નિવૃતિબાદ આપણા સમાજના ગરીબ લોકોને ૧૩ દિવસ ની ધાર્મિક સ્થળોની યાત્રા નિઃ શુલ્ક કરાવેલ.
- કોરોના કાળમાં રાજકોટ ખાતે જરૂરીયાતમંદ પરિવારમાં જરૂરી વસ્તુઓના કિટોનું વિતરણ કરાયેલ.

આપણા રામાનંદીય સાધુ જ્ઞાતિના મુખપત્ર રામભક્ત સાવરકુંડલા દ્વારા શ્રી વિનોદભાઈ બી.નિમાવતની અપીલ છે, કે..

આપણી જ્ઞાતિના દિકરો-૧ તથા દિકરી -૧ (આમ બે સંતાનો) કે જેઓ અનાથ હોય. પરિવારમાં કોઈ તેઓનું ભરણ પોષણ કરવા વાળું ન હોય તથા આ બંનેની ઉંમર આશરે ૧૦ થી ૧૨ વર્ષની હોય તેમજ પોતાનું કામ પોતાની રીતે કરવા શકિતમાન હોય તેવા બે બાળકોની રહેવા-જમવા - ભણવા -પગભર થવા સુધીની તમામ જવાબદારી પોતે સ્વીકારવા તૈયાર છે. તો આ બાબતે શ્રી વિનોદભાઈનો મોં નં. ૯૯૦૯૦ ૧૨૨૯૬ પર કોન્ટેક કરવો.

શ્રી વનોદભાઈ ની આ નિઃસવાર્ર સેવાથી પ્રેરાઈને અય સેવાભાવી સંસ્થાઓનો પણ ઘણો-બધો સહયોગ તેને પ્રાપ્ત થઈ રહ્યો છે.

મારફતે :- ઘનશ્યામ આર. નિમાવત દ્વારા મેટર પ્રસિધ્ધિ ભેટ પેટે રૂ/- ૧૫૦ /-

રૂા. ૧૫૦/- પ.નં. ૬૧૪૯ થી જમા મળેલ છે.

॥ नमोस्स्तु रामाय ॥

श्रीमठ काशी :- भारत की सनातन परंपरा में संत-महात्माओंका स्थान सर्वोपरि है। जब दो महान संत परंपराओं के प्रमुख रामानंद संप्रदायके जगद्गुरु और जगद्गुरू शंकराचार्यजी महाराजका आत्मीय भेंट, यह केवल एक भेंट नहीं होती, यह भारतीय अध्यात्मकी दो महान धाराओं का संगम होता है, जो समग्र समाज को शांति, एकता और आध्यात्मिक उन्नयनका सन्देश देती है। यह मिलन भारत की संत परंपराकी आत्माको जीवंत करने वाला था। यह केवल दो महापुरुषों की भेंट नहीं, बल्कि ज्ञान और भक्ति के संगमका जीवंत दृश्य था, जिसने भारत की अध्यात्मिक परंपरा को और अधिक उज्ज्वल बना दिया।

"जहाँ शंकर की चेतना हो, और राम की भावना हो – वहाँ धर्म, ज्ञान और भक्ति तीनों मिलकर जगत का कल्याण करते हैं।"

श्रीमठ पंचगंगा काशी

સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ - રાજકોટ

તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સમારોહ

સમસ્ત રામાનંદી સાધુ સમાજનો તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સન્માન સમારોહ યોજાયો, તેમજ

વિદ્યાર્થીઓને થયું નીઃશુલ્ક ચોપડા વિતરણ...

સંતો મહંતો, રાજકીય આગેવાનો, સામાજીક આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી... સમસ્ત રામાનંદી યુવા સમાજ રાજકોટ દ્વારા સમસ્ત રામાનંદી સાધુ સમાજ ના રાજકોટમાં વસ્તા તમામ પરીવારના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી સત્કાર સમારંભ તથા નિઃશુલ્ક ફુલ સ્કેપ ચોપડા વિતરણ તારીખઃ૨૯-૦૫-૨૦૨૫ના સમયઃસાંજે ૪:૦૦કલાકે સ્થાન "સેવા ભારતી ભવન", અમુલ સર્કલ પાસે, એસ.ટી સ્માર્ટ બસ સ્ટોપ સામે, ભાવનગર રોડ રાજકોટ ખાતે રાખેલ હતો. જેમાં આ કાર્યક્રમ ખાસ પ.પુ.૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી લલીતકિશોર શરણજી નિમ્બાર્ક પીઠ મોટા મંદિર લીમડી, પ.પુ.૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી ત્યાગી મનમોહનદાસજી શ્રી જગન્નાથજી મંદિર રાજકોટ, તથા મેયરશ્રી શ્રીમતી નયનાબેન પેઢડીયા, રાજ્યસભા સાંસદશ્રી રામાભાઈ મોકરિયા, શિક્ષણ સમિતી વાઈસ ચેરમેનશ્રી ડો. પ્રવીણભાઈ નિમાવત, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારકજી શ્રી મહેશભાઈ જીવાણી, વગેરે વિવિધ રાજકીય આગેવાનો તેમજ સામાજીક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા. જેમની હાજરી વિદ્યાર્થી, વાલી તથા આયોજકો માટે ખુબ જ પ્રેરણાદાયક રહી. તેમજ તેમનું માર્ગદર્શન વિદ્યાર્થી, વાલી તથા આયોજકો ભવિષ્ય માટે ખુબ જ ઉપયોગી રહેશે. કાર્યક્રમમાં સમસ્ત રામાનંદી સાધુ સમાજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો. સમાજ ના ૪૦૦ થી વધુ વધુ વિદ્યાર્થીએ નીઃશુલ્ક ચોપડા નો લાભ લીધો. તેમજ આ કાર્યક્રમનુ સંચાલન રાજકોટના પ્રખ્યાત એન્કર એવા સિદ્ધાર્થભાઈ લશ્કરી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા સમસ્ત રામાનંદી યુવા સમાજના પ્રમુખશ્રી રવિરાજભાઈ રામાવતની આગેવાની હેઠળ વિવેકભાઈ નિમાવત, જયદીપભાઈ નિમ્બાર્ક, રાજુભાઈ કુબાવત, દેવાંગભાઈ નિમાવત, જયદીપભાઈ દેવમુરારી, અલ્પેશભાઈ અગ્રાવત, કરણરાજ કુબાવત, અજયભાઈ દેવમુરારી, વિમલભાઈ કીલજી, મયંકભાઈ રામાવત, અનંતભાઈ નેનુજી, જીજ્ઞેશ રામાવત તથા સમગ્ર ટીમ જહેમત ઉઠાવી હતી.

શ્રધ્ધાંજલી

સ્વ. વ્રજલાલભાઈ બલરામભાઈ કુબાવત, ભાવેશભાઈ કુબાવત/ મો.૯૯૨૫૨૦૫૩૮૦ (શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષમંડળના સદસ્ય) (તિરૂપતિ કુરિયાર વાળા)ના પિતાશ્રી વ્રજલાલભાઈ બલરામભાઈ રાણાવાવ પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજીયા કરે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે સદા પ્રેરણાદાયક રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્યઆત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના. દિવંગત દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાધવેન્દ્ર સરકારને પ્રાર્થના સાથે અશ્રુભીની શ્રધ્ધાંજલી.

ૐ શાંતિ ૐ શાંતિ જય સિયારામ

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી, કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો. કોઈના દુખેદુઃખી અને કોઈના સુખેસુખી એવો જીવનમંત્ર હતો, આખું જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા. પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થન.

:: શ્રધ્ધાંજલી પાઠવતા ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

સુખ એ અમારા દુઃખનો ગુલાબી મિજાજ છે.

બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા ૧૪મો વિદ્યાર્થી સન્માન સમારોહ ભવ્ય રીતે ઉજવાયો

બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજનો ૧૪,મો વિદ્યાર્થી સન્માન સમારોહ તા.૦૬-૦૭-૨૦૨૫ ને રવિવારે સવારે તાપડિયા આશ્રમના મહંત પ.પૂ. ૧૦૦૮ ઘનશ્યામદાસબાપુના અધ્યક્ષ સ્થાને શ્રી જલારામ મંદીર બાબરા ખાતે યોજાયેલ છેલ્લા ૧૪, વર્ષ થી મીષ્ટ ભોજનના દાતા પ.પૂ.મણીરામબાપા ગુરૂશ્રી દયારામબાપા (સીતારામ આશ્રમ-હડાળા) કાર્યક્રમના ઉપાધ્યક્ષ હતા અન્ય સંતોમાં પ.પૂ.સીતારામબાપુ-ધીરજધામ (સાત હનુમાન-લીંબડીયા), પ.પૂ.ગોપાલદાસબાપુ (રોકડીયા હનુમાનજી મંદિર-હિરાણા), પ.પૂ. અવધબીહારીદાસબાપુ (ત્રીવેણી આશ્રમ-નાનીકુંડળ), પ.પૂ.ઘનશ્યામદાસબાપુ (રાઘવ)-સાવરકુંડલાથી પધારી આશીર્વાદ આપેલ.

લાઠી-બાબરા વિસ્તારના માન. ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા પધારેલ ખુબજ સુંદર પ્રવચન કરી ૧, વિદ્યાર્થીના છાત્રાલય ફી ના રૂા. ૧૪,૦૦૦/- આપી પોતાનો રાજીપો વ્યકત કરેલ, જ્ઞાતિ રત્ન અને જ્ઞાતિ ભામાશા શ્રી ઘનશ્યામભાઈ ચરણદાસે ખાસ હાજરી આપી આમંત્રીત મહેમાન માન.શ્રી કે.જી. વૈષ્ણવ સાહેબ- માંડવી, શ્રી કમળા માતાજી નવા મંદીરના આદ્યસ્થાપક-નારાયણ સરોવર (કચ્છ) થી પધારી ૧, વિદ્યાર્થીના છાત્રાલય ફી ના રૂા. ૧૪,૦૦૦/-આપેલ તથા શ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન સુરેન્દ્રનગરને રૂા. ૨૫,૦૦૦/- આપેલ, ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા વિશ્વાસ રાખી તન,મન થી અભ્યાસ કરી માતા પિતા , સમાજને ઉપયોગી થવાની શીખ આપેલ,સુંદર પ્રવચન આપી આશીર્વાદ આપેલ, શાંતાબા મેડીકલ કોલેજના ડીન શ્રી અશ્વીનકુમાર રામાનુજ સાહેબે કાર્યક્રમમાં હાજરી આપી પ્રસંગને અનુરૂપ પ્રવચન આપેલ.

રાજય મંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી , જિલ્લા મંડળના પ્રમુખશ્રી મુકેશભાઈ નિમ્બાર્ક, પુર્વ પ્રમુખશ્રી નવનીતભાઈ નિમાવત,જીલ્લા ટ્રસ્ટીશ્રી ધીરૂભાઈ દેવમુરારી, સાવરકુંડલા, લાઠી, ધારીના તાલુકા મંડળના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓ, તથા સભ્યશ્રીઓ, રાજુલા મંડળના સભ્યશ્રીઓએ હાજરી આપેલ, જિલ્લા પંચાયતના સભ્યશ્રી અને સાધુ સમાજ પ્રત્યે ખુબજ આદરભાવ ધરાવતા માન.શ્રી પ્રભાતભાઈ કોઠીવાળ, હાજર રહી વિદ્યાર્થીઓને ઉત્સાહીત કર્યા. જિલ્લા ભાજપ મહામંત્રી માન.શ્રી ભુપેન્દ્રભાઈ બસીયા, તથા તાલુકા ભાજનાના પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ રાખોલીયા, નગરપાલીકના ઉપપ્રમુખશ્રી પિન્ટુભાઈ જસાણી,એ હાજરી આપી હતી તેમજ આ કાર્યક્રમમાં કાયમી હાજરી આપતા અમારા પરમ સ્નેહી એવા શ્રી સીરાજભાઈ ગાંગાણી તથા શ્રી અનીલભાઈ દસલાણીયા, રાધેશ્યામ જીનીંગ તરફથી રૂા. ૧૪,૦૦૦/- શ્રી અનીલભાઈ જીવાણી (નકુભાઈ) ગુરૂકૃપા જીનીંગ તરફથી રૂા. ૭,૧૦૦/-તથા શ્રી શોકતભાઈ ગાંગાણી અમુલ જીનીંગ તરફથી રૂા.૭૧૦૦/-, તથા શ્રી સતારભાઈ સૈયદ-દિલાવર સ્ટીલ તરફથી રૂા. ૭,૦૦૦/- બાબરા નાગરિક બેંકના ચેરમેનશ્રી હસુભાઈ પોપટ તરફથી ૫,૧૦૦/-, તથા પ.પૂ. ઘનશ્યામદાસબાપુ-તાપડીયા આશ્રમ-બાબરા તરફથી રૂા.૫,૦૦૦/- તથા પ.પૂ. ગોપાલદાસબાપુ-હિરાણા તરફથી રૂા. ૫,૦૦૦/- તેમજ વિદ્યાર્થીને શિક્ષણ ઉપયોગી કીટ શ્રી દલપતભાઈ જમનાદાસભાઈ વસંતસ્વામી -ગળકોટડી તરફથી આપવામાં આવેલ. તથા શીલ્ડ, સન્માનપત્ર શ્રી સ્વ. મંજુલાબેન શામળદાસભાઈ નિમાવત -જામબરવાળા તરફથી આપવામાં આવેલ. તેમજ દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોને રૂા. ૧૦૦-૧૦૦ પ.પૂ. મણીરામબાપા-હડાળા તથા ફાલ્ગુનીબેન એમ. રામાનુજ-ચરખા તરફથી આપવામાં આવેલ ધો.૧ થી ગ્રેજયુએટ સુધીના હાજર તમામ વિદ્યાર્થીઓને નોટબુક ચોપડા શ્રીમતિ વિલાસબેન પ્રવિણભાઈ રતનદાસભાઈ કુબાવત તરફથી આપવામાં આવેલ. જ્ઞાતિ અગ્રણી એડવોકેટ શ્રી અતુલભાઈ નિમાવત સાહેબ તરફથી તેમની સુપુત્રી કુ.હરિશ્રીના હસ્તે તમામ ૧૫, વિદ્યાર્થીઓને રૂા.૫૦૦- ૫૦૦ આપેલ. લાઠી થી હરેશભાઈ નિરંજની, મા.યાર્ડના વેપારીશ્રી અશ્વીનભાઈ ટાઢાણી, તેમજ શ્રી જય જલારામ મંદિર બાબરાના ટ્રસ્ટીશ્રી માન. ભરતભાઈ પોપટ તથા માન.શ્રી દિપકભાઈ સેદાણી ઉપસ્થીત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારેલ.

આ કાર્યક્રમ તેમજ સમાજના અન્ય કાર્યક્રમને સફળ બનાવવા છેલ્લા ૧૫, વરસથી બાબરા તાલુકા મંડળના પ્રમુખ અને જિલ્લા મંડળના ઉપ પ્રમુખશ્રી પ્રતાપભાઈ લાભુદાસભાઈ દેવમુરારી ના સીધા માર્ગદર્શનથી કરવામાં આવે છે. પ્રતાપભાઈ તથા યુવા પાંખના પ્રમુખ જનકભાઈ ડી. અગ્રાવત તથા યુવા ટીમને સાધુ સંતો રાજકીય આગેવાનો , જ્ઞાતિ આગેવાનો, જ્ઞાતિજનો, જીનીંગ ઉદ્યોગપતિશ્રીઓ તથા વેપારીઓએ કાર્યક્રમની સફળતા માટે ખુબજ અભિનંદન આપેલ.

આ તકે તાલુકા મંડળના ઉપ પ્રમુખશ્રીઓ ભીખુબાપુ ખોજીજી-ઉંટવડ, રજનીભાઈ દેવમુરારી-મોટાદેવળીયા, રમેશભાઈ નિમાવત-

નિલવળા,મંત્રીશ્રી જગદીશભાઈ લશ્કરી, ખજાનચી રસીકભાઈ અગ્રાવત, સભ્યશ્રીઓ ડો. રૂગનાથભાઈ કુબાવત, શામળદાસબાપુ નિમાવત, ઘનશ્યામભાઈ લશ્કરી, સુરેશભાઈ દેવમુરારી, દલપતભાઈ વસંતસ્વામી, લાલભાઈ દેવમુરારી, રાજુભાઈ કુબાવત, કાળીદાસભાઈ અગ્રાવત, મુકેશભાઈ રામાવત, ઉપસ્થિત રહેલ.

યુવા પાંખના પ્રમુખશ્રી જનકભાઈ અગ્રાવત અને તેમની ટીમના ઉપપ્રમુખશ્રી કિશનભાઈ વિષ્ણું ,પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી, સહમંત્રીશ્રી શૈલેષભાઈ અગ્રાવત, મનિષભાઈ અગ્રાવત, દેવેન્દ્ર અગ્રાવત, આદિત્ય દેવમુરારી, ધવલ કુબાવત, નિલેશભાઈ જલાલજી, હકાભાઈ જલાલજી, સંજય કુબાવત, સંજયભાઈ નિમાવત(સીતારામ સાઉન્ડ) રમેશભાઈ નિમાવત (મારૂતિ સ્ટુડિયો) મુકેશભાઈ અગ્રાવત, ભૌતિકભાઈ અગ્રાવત, ધર્મેન્દ્રભાઈ કુબાવત, જયેશભાઈ અગ્રાવત, વિગેરેએ ખુબજ સુંદર રીતે તન મનથી સેવા આપી સૌને પ્રભાવિત કર્યા.

સંકલન : પ્રતાપભાઈ દેવમુરારી પ્રમુશ્રી

રૂા. ૫૦૦/- સ્થાનભેટ પ.નં. ૭૩૩૭ થી જમા મળેલ છે.

લેસન્સ ફ્રોમ ગ્રેટ થિંકર્સ

લાઓ ત્ઝૂ



સૌથી શ્રેષ્ઠ યોદ્ધા ક્યારેય પણ ક્રોધિત થતો નથી

- જેઓ જાણે છે, તો બોલતા નથી. જે બોલે છે, તે જાણતા નથી.
- જ્યારે તમે સ્વયંથી સંતુષ્ટ હોવ છો અને તુલના અથવા હરીફાઈ કરતા નથી, તો દરેક વ્યક્તિ તમારું સન્માન કરે છે.
- સૌથી શ્રેષ્ઠ યોદ્ધા ક્યારેય ક્રોધિત થતો નથી.
- જો તમે બેચેન છો, તો ભૂતકાળમાં છો. જો તમે શાંત છો, તો વર્તમાનમાં છો.
- જે સ્વયંમાં વિશ્વાસ કરે છે, તે બીજાને મનાવવાનો પ્રયાસ કરતા નથી. જે સ્વયંથી સંતુષ્ટ હોય છે, તેમને બીજાની સ્વીકૃતિની જરૂર રહેતી નથી. જે સ્વયંને સ્વીકારે છે, સમગ્ર સંસાર તેમનો સ્વીકાર કરે છે.
- જેમની પાસે બાહ્ય સાહસ છે, તે મરવાની હિંમત કરે છે, જેમની પાસે આંતરિક સાહસ છે, તે જીવવાની હિંમત કરે છે.
- મૌન, મહાન શક્તિનો સ્રોત છે.
- વિચારવાનું બંધ કરી દો અને તમારી સમસ્યાઓ સમાપ્ત થઈ જશે.
- અપેક્ષા વગર કાર્ય કરો.
- બુદ્ધિમતા સાથે પ્રતિક્રિયા આપો, ભલે કોઈનો વ્યવહાર મૂર્ખતાપૂર્ણ હોય.

(છઠ્ઠી સદી પૂર્વે) : પ્રસિદ્ધ ફિલોસોફર અને લેખક પણ હતા. તેમનો ઉપદેશ 'તાઓ તેહ કિંગ' મશહૂર હતો. તેમના વિચારો પર આધારિત ધર્મને તાઓ કહે છે.

● સમાજ થકી સમસ્યાઓ/પડકારોનું સમાધાન ●

૧. ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક શિક્ષણથી વધુ શિક્ષણની સુવિધા ન હોવાથી શહેરમાં ભણવા માટે આવવું પડે. એના માટે નિવાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી. એના માટે હાલ ત્રણ કન્યાછાત્રાલય તેમજ ત્રણ કુમારછાત્રાલયો છે.

૨. લગ્નો ખૂબ ખર્ચાળ થયા એટલે ''સમુહ લગ્નો'' ના આયોજન સમાજ થકી શરૂ કરવામાં આવ્યા.

૩. ઉચ્ચ શિક્ષણ ખાનગીકરણના કારણે ખૂબ ખર્ચાળ થયું. સામાન્ય અને મધ્યમવર્ગ માટે તેજસ્વી(પાત્રતા) હોવા છતાં આર્થિક સ્થિતિ નબળી હોય તો શિક્ષણથી વંચિત રહે નહીં તે માટે કુલ ખર્ચના ૫% કે ૧૦% પણ આપણા જોઈએ એવાં

૪. દરેક ભરતી પરીક્ષાના માધ્યમથી થતી હોવાથી સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસીસ અને UPSC/GPSC જેવી પરીક્ષાનું પ્રશિક્ષણ અને તેની તૈયારી માટે ''રામસેતુ ટ્રસ્ટ'' પ્રયત્નશીલ છે.ભાવથી સમાજે ''સ્વામી શ્રીરામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાન'' ની સ્થાપના કરી.

૫. આકસ્મિક બિમારીઓ જેનો સમાવેશ ''આયુષ્યમાન યોજના''માં સમાવેશ થતો ના હોય તેવાં સારવારના મોટા ખર્ચાઓમાં સહાયક થવા માટે એકાદ સંસ્થાના પ્રારંભ માટે ''આરોગ્ય સેવા ફંડ'' ઊભું કરવા પણ ચિંતન ચાલે છે.

સમાજના હરેક પ્રકલ્પને સહાયક બનવા પ્રાર્થના

સંપર્કસૂત્ર - ૯૯૦૯૯ ૨૧૧૭૨

રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...

જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, રામભક્ત

ધ્યનામાં બી વાળો, નીતિના ફળ મળશે.

બાયોડેટા



પર્સનલ માહિતી

નામ : યાજ્ઞિક હિતેશભાઈ આચાર્ય
જન્મ તારીખ : ૨૬/૦૬/૧૯૯૯
બ્લડ ગ્રુપ : બી+
ઊંચાઈ : ૫.૩
વજન : ૫૦ કિ.ગ્રા.
અભ્યાસ : બીએસસી / એમએસસી(ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી)
ધંધો : ટેકનિશિયન નિરમા લિમિટેડ કંપની, કાળા તળાવ ,ભાવનગર

પારિવારિક માહિતી

પિતા : હિતેશભાઈ તીરથરામ આચાર્ય
ધંધો : એલઆઇસી એજન્ટ
માતા : દિવ્યાબેન હિતેશભાઈ આચાર્ય
ધંધો : નિવૃત્તિ આંગણવાડી વર્કર
મોસાળ : હર્ષદરાય આદિત્યરામ અગ્રાવત તથા નવનીત કુમાર આદિત્યરામ અગ્રાવત
બહેન : ત્રણ બહેનો પરિણીત
ગામ : ગઢડા તાલુકો : મુળી જિલ્લો : સુરેન્દ્રનગર (હાલ સુરેન્દ્રનગર)

અન્ય માહિતી

ગામ : બુધેલ
તા.જી. : ભાવનગર
સંપર્ક નંબર : ૯૫૭૪૦ ૦૫૪૫૦/૪૯, ૭૩૮૩૪ ૩૩૩૩૨

રૂા.૧,૫૦૦/- પ.નં. થી જમા મળેલ છે.

બાયો ડેટા

નામ : લશ્કરી વિમલ રાજુભાઈ
જન્મ તારીખ : ૧૬/૧૦/૧૯૯૨
નોકરી : ખેતી બેંક, હાલોલ (સરકારી નોકરી)
પગાર : ૧૮,૦૦૦/- (એક વર્ષ માટે ફિક્સ)
પોસ્ટ : ફ્રન્ટ ડેસ્ક ઓફિસર
એડ્રેસ : મેઘના સોસાયટી, દડેશ્વરનગર, કેશોદ - ૩૬૨૨૨૦
મો.નં. : ૮૨૦૦૦૩૩૧૪૪

Family Details

પપ્પા : રાજુભાઈ જેઠીરામભાઈ લશ્કરી
મો.નં. : ૬૩૫૪૨૩૨૭૯૭
મમ્મી : દક્ષાબેન રાજુભાઈ લશ્કરી
મો.નં. : ૯૨૨૮૬૩૦૦૪૪
ભાઈ : રાહુલભાઈ રાજુભાઈ લશ્કરી (સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ ફિશરીઝ, ગાંધીનગર)
મો.નં. : ૯૭૨૪૨૬૮૮૬૩
ભાભી : શર્મિલાબેન રાહુલભાઈ લશ્કરી

રૂા. ૫૦૦/- પ.નં. ૭૬૬૩ થી જમા મળેલ છે.

નવમી વાર્ષિક પુણ્યતિથીએ સ્મરણાંજલિ

સ્વ.આદિત્યરામજી રણછોડદાસજી અગ્રાવત

સ્વ.તા.૧૫/૦૯/૨૦૧૬

ગામ : ગઢડા (મુળી), હાલ સુરેન્દ્રનગર નિવાસી હર્ષદભાઈ આદિત્યરામજી અગ્રાવત તથા નવનીતભાઈ આદિત્યરામજી અગ્રાવત તથા દિવ્યાબેન હિતેશકુમાર આચાર્ય (બુધેલ)ના પિતાશ્રી સ્વ.આદિત્યરામજી રણછોડદાસજી અગ્રાવત તા.૧૫/૦૯/૨૦૧૬ ના રોજ સાકેતવાસ થયેલલ તેમની નવમી વાર્ષિક પુણ્યતિથિએ અગ્રાવત પરિવાર ભાવભીની શ્રધ્ધાંજલી સાથે પુષ્પાંજલિ અર્પણ કરે છે.સ્વ.આદિત્યરામબાપુની નવમી પુણ્યતિથી નિમિતે રૂા.૫૦૦/- ભેટ મળેલ છે.

હસ્તે : મનહરભાઈ નારણદાસ દેવમુરારી (શિહોર - રામભક્ત કન્વીનર)

સ્વ.કમળાબેન જગજીવનદાસ ગઢીયા

સ્વ.કમળાબેન જગજીવનદાસ ગઢીયાની પુણ્યતિથીએ શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાની બાળાઓને મિષ્ટ ભોજન

સાવરકુંડલાના અગ્રણી વેપારી ગઢીયા કિરાણા સ્ટોરવાળા ચંપકભાઈ જગજીવનદાસ ગઢીયાના માતૃશ્રી સ્વ. કમળાબેનની પુણ્યતિથી તા.૦૩/૦૭/૨૫ ગુરૂવારના રોજ તેમના તરફથી રસોઈમાં જોતી બધીજ વસ્તુઓ છાત્રાલયે પહોંચાડવામાં આવી તેમની સુચના પ્રમાણે મીષ્ટ ભોજનમાં ખીર, પુરી, દાળ-ભાત, શાક, સંભારો, ખમણ-ચટણી, છાશ-પાપડ વિ. તૈયાર કરી ભગવાનને અને બાપાને થાળ ધરી છાત્રબાળાઓએ પ્રસાદ લીધો જનકભાઈ ગઢિયાના હસ્તે દરેક બાળાઓને સારી કવોલીટીની પેન ભેટ આપવામાં આવી. ચંપકભાઈ દર વર્ષે બાળાને મિષ્ટ ભોજન કરાવે છે. ''આભાર''

સ્વ.સવિતાબેન ખોડીદાસભાઈ મહેતા

સ્વ.સવિતાબેન ખોડીદાસભાઈ મહેતાની પુણ્યસ્મૃતિમાં શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાની બાળાઓને મિષ્ટ ભોજન રૂ/-૫૧૦૦

સ્વ.સવિતાબેન ખોડીદાસભાઈ મહેતાની આપણા છાત્રાલયના પાડોશી છે તેમના તરફથી તા.૩૦/૦૬/૨૫ સોમવારના રોજ છાત્રબાળાઓને તેમની સુચના પ્રમાણે મિષ્ટાનમાં કેરી નો રસ, પુરી, શાક, કઢી-ભાત, ખમણ-ચટણી વિ. તૈયાર થતા ભગવાનને થાળ ધરી સ્વ.સવિતાબેનને શ્રધ્ધાંજલિ આપી, સૌ છાત્રબાળાઓએ પ્રસાદ લીધો દરેક બાળાઓ અને સ્ટાફને ખોડીદાસભાઈ તરફથી ૧૦ રૂપિયા દક્ષિણા આપવામાં આવી. ભોજનદાન રૂ/-૫૧૦૦/-પ.નં.૭૭૧૭ થી મળેલ છે. ''આભાર''

:: સંસ્થા સમાચાર ::

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકૂળ કન્યા છાત્રાલયમાં દયાવિધિ તિથી ભોજન (મિષ્ટભોજન) અંતર્ગત વેકેશન દરમ્યાન આવતી તિથીઓ ઉજવેલ નથી જેની યાદી
વૈશાખ સુદ-૧ થી વૈશાખ વદ - ૩૦ અમાસ
(જેઠ સદ-૧૨ તા.૨૮/૦૪/૨૦૨૫ થી તા.૦૮/૦૬/૨૦૨૫ સુધી વેકેશન)

(૧) પુણ્યતિથી : વૈશાખ સુદ-૧
સ્વ.વા.અ.સૌ.શ્રીમતિ ભારતીબેન ઈન્દુકુમાર વૈષ્ણવ
હ.ડૉ.ઈન્દુકુમાર છોટાલાલ વૈષ્ણવ - મું.અમદાવાદ.

(૨) પુણ્યતિથી : વૈશાખ સુદ-૨, સા.વા.બજરંગદાસબાપા ગુરૂશ્રી દયારામબાપા (ખોજીજી મહારાઝ) - હ.ભાનુપ્રસાદજી દયારામજી રામાનુજ-મહંતશ્રી વિષ્ણુબાપુ, મું.બોટાદ. પચ્છેગામ આશ્રમ.

(૩) પુણ્યતિથી : વૈશાખ સુદ-૫, સ્વ.રમણીકલાલ શાન્તીલાલ અગ્રાવત
હ.યશવંતભાઈ રમણિકલાલ અગ્રાવત - વેરાવળ-શાપર

(૪) પુણ્યતિથી : વૈશાખ સુદ-૫,સ્વ.કલ્પકાંતજી છબીલદાસજી રામાનુજ
હ.નલીનીબેન કે. રામાનુજ - અમદાવાદ

(૫) પુણ્યતિથી : વૈશાખ સુદ-૧૦
સ્વ.જયાબેન વજેરામજી દેવમુરારી
હ.ઘનશ્યામભાઈ વજેરામજી દેવમુરારી - મું.રાજકોટ

(૬) પુણ્યતિથી : વૈશાખ સુદ-૧૨
સ્વ.કાન્તીભાઈ જયંતીલાલ દેવમુરારી - મું. રાજકોટ (અમરેલી)
હ.ડૉ.અતુલભાઈ કે. દેવમુરારી તથા કવિતાબેન એ. દેવમુરારી

(૭) પુણ્યતિથી : વૈશાખ સુદ-૧૪
સા.શાંતાબેન બાલકૃષ્ણદાસ નિમાવત - મું.અંજાર (કચ્છ)
હ.ગુણવંતરાય બાલારામ નિમાવત તથા ભાવનાબેન જી. નિમાવત

(૮) મેરેજ ડે : તા.૦૧/૦૫/૨૦૨૫
શ્રી ધવલકુમાર સંગ ખુશ્બુબેનના મેરેજ ડેની તિથી
હ.રશ્મિકાંત (પારૂભાઈ) પ્રાણજીવનદાસ અગ્રાવત - મું.જામનગર

(૯) મધર ડે તિથી અને પુણ્યતિથી : તા.૧૦/૦૫/૨૦૨૫
ગૌ.વા.બચીબેન નરોતમ દાસજી નિમ્બાર્ક
હ.મંજુલાબેન ચંપકભાઈ શાહ - મું.ભાવનગર

(૧૦) જન્મદિન તિથી : તા.૧૧/૦૫/૨૦૨૫
ચિ.નિષ્ઠાબેન નયનકુમાર
હ.અ.સૌ. કોમલબેન નયનકુમાર - મું.રાણપુર

(૧૧) પુણ્યતિથી : તા.૩૧/૦૫/૨૦૨૫
સ્વ.ચંપાબેન છગનદાસજી લશ્કરી
હ.મણીરામબાપા ગુરૂશ્રી દયારામબાપા - સીતારામ સેવા આશ્રમ, હડાળા

:: નોંધ ::
ઉપરોક્ત તિથીઓ વેકેશન સમયને કારણે ઉજવી શક્યા નથી ક્ષમા આપશો.
- સંચાલન સમિતી, સાવરકુંડલા

તા.૨૪/૦૭/૨૦૨૫ સુધી
(જેઠ સુદ-૧૩ થી અષાઢ વદ-૧૫ સુધી)

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ સુદ-૧૩ સોમવાર તા.૦૯/૦૬/૨૦૨૫)

ખાંડાધાર નિવાસી જયપ્રકાશભાઈ સંતોકદાસ અગ્રાવત તરફથી સ્વ.ગૌતમભાઈ જયપ્રકાશભાઈ અગ્રાવતની પૂણ્યતિથીએ મિષટભોજનમાં બરફી, સેવ-મમરી, દાળ-ભાત, શાક, સંભારો, રોટલી તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી પાઠવી સૌ છાત્રાબાળાઓ, સ્ટફ સહીત પ્રસાદ લીધો.

એક દિવસીય મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ સુદ - ૧૪ મંગળવાર તા.૧૦/૦૬/૨૦૨૫)

ભુરખીયા નિવાસી શ્રી રમેશભાઈ નરસંગદાસ નિમાવતના જમાઈ સ્વ.ભાવેશભાઈ બંસીદાસ નિમાવત (મોટા ઝીંઝુડા)ની પ્રથમ પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં રબડી, દાળ-ભાત, શાક, સંભારો, ઉંધીયું તૈયાર કરાવી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો. મિષ્ટભોજનના રૂા.૩૧૦૦/- પ.નં.૭૬૨૩ થી જમા મળેલ છે.

હ.ભૂમિકાબેન ભાવેશભાઈ નિમાવત (પત્ની) - પરમ ભાવેશભાઈ નિમાવત (પુત્ર)

જોવાથી થાય એ આકર્ષણ અને જાણવાથી થાય એ પ્રેમ છે.

રૂા.૧,૫૧,૦૦૦/- મહાતિથી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ સુદ-૧૫ બુધવાર તા.૧૧/૦૬/૨૦૨૫ - સવાર-બપોર-સાંજે)

વાવ, સુરત નિવાસી સતીષભાઈ વલ્લભભાઈ પટેલના ગુરૂશ્રીની શ્રી કબીર સાહેબ ગુરૂશ્રી રામાનંદાચાર્યજીની તિથી જેઠ સુદ-૧૫ (પૂનમ)ના દિવસે સવાર-બપોર-સાંજ ત્રણે ટાઈમ નાસ્તો-મિષ્ટભોજનમાં ભાવતા ભોજન આપી તિથી ઉજવણી છાત્રાબાળા દ્વારા કરવામાં આવેલ મિષ્ટાન :- મોહનથાળ, ફરસાણ, દાળભાત, શાક, કઠોળ, રોટલી સંભારો, છાશ, પાપડ.

રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ-૧ ગુરૂવાર તા.૧૨/૦૬/૨૦૨૫ - બપોરે)

રાજકોટ નિવાસી રાધેશ્યામભાઈ એન. વિષ્ણુસ્વામીના પુત્ર ચિ.વત્સલભાઈ રાધેશ્યામભાઈને સર્વિસ મળતા ખુશાલી તિથી અનુદાન પ્રાપ્ત થયેલ આ દિવસને કાયમી યાદગીરી માટે આજે છાત્રબાળાને મિષ્ટભોજન બપોરનાં પીરસવામાં આવેલ. આવી સામાજીક ઉત્તરદાયિત્વ ભાવનાને અભિનંદન મિષ્ટાન : લાડુ, સેવ, બુંદી, ફરસાણ, દાળ-ભાત, શાક, રોટલી, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ-૧ ગુરૂવાર તા.૧૨/૦૬/૨૦૨૫ - સાંજે)

(શાપર) વેરાવળ નિવાસી પ્રકાશભાઈ રમેશભાઈ અગ્રાવતના પૂ.પિતાશ્રી સ્વ.રમેશભાઈ હેમંતરામભાઈ અગ્રાવતની પુણ્યતિથી અંતર્ગત મિષ્ટભોજન સાંજના આપવામાં આવ્યું અને શ્રધ્ધાંજલી અર્પીને છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો. મિષ્ટાન : ટોપરાપાક, બરફી, દાળ-ભાત, શાક, રોટલી, છાશ, પાપડ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ-૩ શનિવાર તા.૧૪/૦૬/૨૦૨૫)

સુરત (કામરેજ) નીવાસી પ.પૂ.મહંત શાસ્ત્રી કનુબાપુ રાજ્યગુરૂ શ્રી રઘુબીરધામ સુરત (કોસમાંડ)ના હસ્તે સા.વા.શ્રી ક્ષમાબેન કનુબાપુ રાજ્યગુરૂની પુણ્યતિથી અંતર્ગત મિષ્ટભોજન બપોરે આપવામાં આવ્યું છાત્રાબાળાઓએ શ્રધ્ધાંજલી આપીને પ્રસાદ લીધો. મિષ્ટભોજન :

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ- ૩ શનિવાર તા.૧૪/૦૬/૨૦૨૫)

રાણાવાવ નિવાસી પ્રકાશભાઈ પ્રાણલાલ નિમ્બાર્ક દ્વારા સ્વ.લાભુબેન પુરૂષોત્તમદાસ નિમ્બાર્કની પુણ્યતિતીએ મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રાબાળાઓને મિષ્ટભોજ આપવામાં આવ્યું સદ્‌ગત આત્માને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી મિષ્ટભોજન : બરફી, સેવ, ખમણ, દાળ-ભાત, રોટલી, શાક, છાશ, પાપડ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ-૫ સોમવાર તા.૧૬/૦૬/૨૦૨૫)

અમરેલી નિવાસી ભાવેશભાઈ બી. દેવમુરારીના પુજ્ય પિતાશ્રી સ્વ.બાલકૃષ્ણભાઈ જયંતિલાલ દેવમુરારીની પુણ્યતિથીએ મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યુ સદ્‌ગતને શ્રધ્ધાંજલી અર્પેલ છે. મિષ્ટભોજન : મોહનથાળ, બરફી, ફરસાણ, શાક, રોટલી, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



(જેઠ વદ-૧૦ શનિવાર તા.૨૧/૦૬/૨૦૨૫)

બરવાળા નિવાસી અક્ષયભાઈ એ. નિમાવતના પિતાશ્રી સ્વ.અશ્વિનભાઈ ગોકુળદાસજી નિમાવતની પુણ્યતિથીએ મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત છાત્રાબાળાઓને મિષ્ટભોજનમા આપવામાં આવ્યું તેમજ છાત્રાબાળા દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. મિષ્ટભોજન : ફ્રુટ સલાડ, પુરી, શાક, દાળ-ભાત, છાશ, પાપડ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



(અષાઢ સુદ-૨ શુક્રવાર તા.૨૭/૦૬/૨૦૨૫)

નિંગાળા-૨ નિવાસી અમરદાસબાપુ રણછોડદાસજી નિમાવતના પ.પૂ.પિતાશ્રી સ્વ.રણછોડદાસજી રતનદાસ નિમાવતની પુણ્યતિથી અંતર્ગત છાત્રાબાળાઓને મિષ્ટભોજન સાંજના આપીને શ્રધ્ધાંજલી છાત્રાબાળાઓ દ્વારા આપવામાં આવી.

મિષ્ટભોજન : ખીર, પુરી-શાક, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૪ શનિવાર તા.૨૯/૦૬/૨૦૨૫)

રાજકોટ નિવાસી સ્વ.કુ.મીરલબેન રાજેશભાઈ કુબાવતની પુણ્યતિથીએ હ.શાંતીભાઈ જી. કુબાવત તથા રાજેશભાઈ કુબાવત (પિતા) દ્વારા સંસ્થા કાયમી નિભાવફંડ યોજના મિષ્ટભોજન તિથીએ છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું સદ્‌ગતને શ્રધ્ધાંજલી આપેલ. મિષ્ટભોજન : લાડવા, સેવ, ગાંઠીયા, દાળ-ભાત, શાક, રોટલી, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૫ સોમવાર તા.૩૦/૦૬/૨૦૨૫)

કોટડા સાંગાણી નિવાસી ભગવાનદાસજી નવલરામજી પુર્ણ વૈરાગીના ધર્મપત્ની સ્વ.લાભુબેન ભગવાનદાસજીની પુણ્યતિથીએ છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવેલ સદ્‌ગત આત્માને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી

મિષ્ટભોજન : કેરીનો રસ, ખમણ, પુરી-રોટલી, શાક, કઢી-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- જન્મદિન મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ- ૨ શુક્રવાર તા.૧૩/૦૬/૨૦૨૫- સાંજે)

સામખીયાળ-કચ્છ નિવાસી રજનીભાઈ નટવરલાલ નિમાવતના માતૃશ્રી શારદાબેન નટવરલાલ નિમાવતની જન્મદિન જેઠ વદ-૨ના દિને સાંજે છાત્રાબાળાઓને મિષ્ટભોજનતિથીમાં મનચુરીયમ, ગુલાબજાંબુ આપીને હેપ્પી બર્થ-ડે કહી છાત્રાબાળાઓએ વીશ કરેલ. ધન્યવાદ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(જેઠ વદ-૧૦ (દશમ) તા.૨૧/૦૬/૨૦૨૫ શનિવાર - સાંજે)

કલકત્તા નિવાસી હરજીવનદાસ સેવાદાસ નિમાવતના ધર્મપત્ની સ્વ.જયોતિબેન હરજીવનદાસ નિમાવતની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

મિષ્ટભોજન : પાણીપુરી, ગુલાબજાંબુ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(તા.૨૧/૦૬/૨૦૨૫ શનિવાર જેઠ વદ-૧૦ (દશમ) - બપોરે)

ભુરખીયા નિવાસી શ્રી પુરૂષોત્તમદાસ નરસંગદાસ નિમાવતની ધર્મપત્ની સ્વ.પ્રભાબેન નરસંગદાસજી નિમાવતની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન આપવામાં આવ્યું, છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

મિષ્ટભોજન : ચુરમાના લાડુ, દાળ-ભાત, શાક, રોટલી, સંભારો, છાશ.

રૂા.૧૧,૧૧૧/- જન્મદિન મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૮ તા.૦૩/૦૭/૨૦૨૫ ગુરૂવાર)

ગાંધીનગર નિવાસી અમૃતલાલ પ્રભુદાસજી રામનુજના જન્મદિન નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું હ.જશવંતીબેન અમૃતલાલ રામાનુજ.

મિષ્ટભોજન : ખીર-પુરી, ખમણ, ચટણી, દાળ-ભાત, શાક, પાપડ, છાશ.

સત્ય સુંગંધ અને સાદગી ધીરે-ધીરે પણ દૂર સુધી ફેલાય છે.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૯ શુક્રવાર તા.૦૪/૦૭/૨૦૨૫-બપોરે)

વેરાવળ નિવાસી સમીરભાઈ તેમજ હિરેનભાઈ દેવમુરારીના પિતાશ્રી સ્વ.સતીશભાઈ ખોડીદાસજી દેવમુરારીની અષાઢ સુદ-૯ (નોમ) તા.૦૪/૦૭/૨૦૨૫ શુક્રવારના રોજ પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું તેમજ છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી. મિષ્ટભોજન : લીસા લાડવા, મોહનથાળ, સેવ, ગુંદી, શાક, રોટલી, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ- ૯ (નોમ) - તા.૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર-સાંજે)

અષાઢ સુદ - ૯ (નોમ) ને તા.૦૪/૦૭/૨૦૨૫ને શુક્રવારના રોજ માલપરા (ભાવનગર) નિવાસી સ્વ.રણછોડદાસજી જુદુરામજી (દાસબાપુ) રામાનુજની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. હ.યતિનભાઈ રણછોડદાસજી નિમાવત (ભાવનગર), શ્રીમતિ નીતાબેન યતિનભાઈ રામાનુજ

મિષ્ટભોજન : ટોપરાપાક, સેવ-ગુંદી, લીસા લાડવા, દાળ-ભાત, શાક, રોટલી, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૧૦ તા.૦૫/૦૭/૨૦૨૫ શનિવાર - બપોરે)

મોરબી નિવાસી ઘનશ્યામભાઈ રઘુરામભાઈ નિમ્બાર્કના માતૃશ્રી સ્વ.જયાબેન રઘુરામભાઈ નિમ્બાર્કની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી.

મિષ્ટભોજન : લાપશી, દાળ-ભાત, શાક, રોટલી, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૧૦ તા.૦૫/૦૭/૨૦૨૫ શનિવાર - સાંજે)

પાલીતાણા નિવાસી ડૉ.પિયુષભાઈ બી. દેવમુરારીના પુ.પિતાશ્રી સ્વ.પ્રેમદાસજી મોહનદાસજી દેવમુરારીની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન આપવામાં આવ્યું અને છાત્રાબાળાઓ દ્વારા સદ્‌ગતને શ્રધ્ધાંજલી આપવામાં આવી.

મિષ્ટભોજન : પાણી - પુરી

રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



(અષાઢ સુદ-૧૪ (ચૌદશ) તા.૦૯/૦૭/૨૦૨૫ બુધવાર)

સુરત નિવાસી શ્રીકાંતલાલ કાશીરામજી દેવમુરારીના પુ.પિતાશ્રી સ્વ.કાશીરામજી ખીમદાસજી દેવમુરારીની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું તેમજ છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. મિષ્ટભોજન : મહોનથાળ, સેવ-ગુંદી, શાક-રોટલી, સલાડ, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ સુદ-૧૫ (પુનમ) તા.૧૦/૦૭/૨૦૨૫ ગુરૂવાર)

રાજુલા નવાસી રમેશભાઈ આઈ.નિમ્બાર્કના માતૃશ્રી તથા ભરતભાઈના માતૃશ્રીની સ્વ.જયાબેન ઈશ્વરદાસ નિમ્બાર્કની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી. મિષ્ટભોજન : બરફી, ગાંઠીયા, શાક-રોટલી, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ-૩ તા.૧૩/૦૭/૨૦૨૫ રવિવાર - બપોરે)

જુનાગઢ નિવાસી શ્રી નરેન્દ્રભાઈ રામદાસભાઈ નિરંજની તથા સુલોચનાબેન નરેન્દ્રભાઈ નિરંજનીના માતૃશ્રી સ્વ.દિવાળીબેન વૃજલાલ અગ્રાવતની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. મિષ્ટભોજન : ટોપરાપાક, સેવ-ગુંદી, શાક, રોટલી, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(તા.૧૩/૦૭/૨૦૨૫ ને રવિવાર - સાંજે)

રાજકોટ નિવાસી શ્રી રસિકલાલ નાનાલાલભાઈ નિમાવત આચાર્ય સંઘના પ્રમુખ તરીકેની વરણી થતા સ્મૃતિદિન તિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રાબાળાઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવું.

મિષ્ટભોજન : પાવભાંજી, છાશ, પાપડ, સલાડ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ- ૪ (ચોથ) - તા.૧૪/૦૭/૨૦૨૫ સોમવાર)

મું.ટાણા નિવાસી વૈભવભાઈ પ્રેમદાસભાઈ દેવમુરારીના પિતાશ્રી સ્વ.પ્રેમદાસજી જાનકીદાસજી દેવમુરારીની પુણ્યતિ નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી.

મિષ્ટભોજન : લાપશી, મગ, રોટલી, શાક, દાળ-ભાત, છાશ.

રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ-૫ તા.૧૫/૦૭/૨૦૨૫ મંગળવાર - સાંજે)

મું.જેતપુર નિવાસી રાજેશભાઈ હરિદાસ અગ્રાવતના પૂ.પિતાશ્રી સ્વ.હરિદાસજી જેરામદાસજી અગ્રાવતની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું તેમજ છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી. મિષ્ટભોજન : બરફી, ભુંગળા-બટેટા, સેવ, ચટણી.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ-૬ તા.૧૬/૦૭/૨૦૨૫ બુધવાર)

મું.પાલીતાણા નિવાસી ડૉ.અશ્વિનભાઈ તથા ભરતભાઈ રામાનુજના માતૃશ્રી સ્વ.ધીરજબેન પુરૂસોત્તમદાસજી રામાનુજની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું તેમજ છાત્રાબાળાઓએ શ્રધ્ધાંજલી આપી.

મિષ્ટભોજન : રવો, ભજીયા, શાક-રોટલી, દાળ-ભાત, છાશ, સલાડ.

રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ-૭ (સાતમ) તા.૧૭/૦૭/૨૦૨૫ ગુરૂવાર - સાંજે)

ચોટીલા નિવાસી નીતાબેન તથા સોનલબેન તેમજ પુજાબેનના પિતાશ્રી સ્વ.સંતરામભાઈ ભગવાનદાસજી નિમાવતની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી. મિષ્ટભોજન : મન્ચુરિયમ, છાશ, સલાડ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ-૯ (નોમ) તા.૧૯/૦૭/૨૦૨૫ શનિવાર)

અમદાવાદ નિવાસી સિધ્ધાર્થભાઈ એ. રામાવતના પુ.પિતાશ્રી સ્વ.અમૃતલાલ હિંમતલાલ રામાવતની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી. મિષ્ટભોજન : બરજ સેવ, શાક-રોટલી, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ-૧૩-૧૪ તા.૨૩/૦૭/૨૦૨૫ બુધવાર - બપોરે)

હરીપુરા નિવાસી ભદ્રેશભાઈ એમ. ફીણાવાના ભાઈ સ્વ.શ્રી રણજીતભાઈ મનુભાઈની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન અપાયું. છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી. મિષ્ટભોજન : લીસા લાડું, સેવ-ગુંદી, શાક-રોટલી, દાળ-ભાત, છાશ.

એકદિવસીય મિષ્ટભોજન યોજના અંતર્ગત

(અષાઢ સુદ- ૧૪ - તા.૨૩/૦૭/૨૦૨૫ બુધવાર - સાંજે)

વડીયા નિવાસી મનસુખભાઈ મોહનદાસ અગ્રાવતના પુત્ર સ્વ.શૈલેષભાઈ મનસુખભાઈ અગ્રાવતની સ્મૃતિમાં છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. રૂા.૨૧૦૦/- પ.નં. ૭૭૩૧ થી જમા મળેલ છે. મિષ્ટભોજન : મોહનથાળ, શાક-રોટલી, ખમણ, ચટણી, દાળ-ભાત, પાપડ, છાશ, સલાડ.

મિષ્ટભોજન યોજના અંતર્ગત

(અષાઢ વદ- અમાસ તા.૨૪/૦૭/૨૦૨૫ ગુરૂવાર)

મહુવા નિવાસી રમેશભાઈ જમનાદાસ ટીલાવત તથા મિનાબેન ટીલાવતના સુપુત્ર સ્વ.મિતેશભાઈ રમેશભાઈ ટીલાવતની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટદાન રૂા.૧૦૦૦/- પ.નં. ૭૭૨૭ થી સ્વીકારેલ છે. આભાર...

મિષ્ટભોજન : બરફી, ગાંઠીયા, રોટલી-શાક, દાળ-ભાત, છાશ.

રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત

(અષાઢ વદ- ૪ (ચોથ) સોમવાર તા.૧૪/૦૭/૨૦૨૫ - સાંજે)

રાજકોટ નિવાસી ડૉ.જયંતિલાલ માધવદાસ રામાવતના સ્વ.પુત્ર (બાબો)ની પુણ્યતિથી નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન અપાયું તેમજ છાત્રાબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવવામાં. હ.શોભનાબેન જે. રામાવત.

મિષ્ટભોજન : ખીર-પુરી, શાક, સલાડ, છાશ.

સંકલન : હિતેષભાઈ કુબાવત (મંત્રી રાજ્યમંડળ, સાવરકુંડલા)

રામ નામ બે અક્ષર

રામ નામ બે અક્ષર અને **કામ, ક્રોધ, લોભ, મોહ** અને **માયા** ના પણ બે અક્ષર માટે રામ નામ ની બે અક્ષર ની શક્તિ તમારો અને મારો જન્મ થાય ત્યારે એ શરીર ને તન કહેવાય

તન ના બે અક્ષર	**મૂછ** ના બે અક્ષર	**આંખ** ના બે અક્ષર	**બોચી** ના બે અક્ષર	**કાંડા** ના બે અક્ષર	**જાંઘ** ના બે અક્ષર
માથુ ના બે અક્ષર	**હોઠ** ના બે અક્ષર	**ગાલ** ના બે અક્ષર	**ખભા** ના બે અક્ષર	**છાતી** ના બે અક્ષર	**પગ** ના બે અક્ષર
વાળ ના બે અક્ષર	**દાઢી** ના બે અક્ષર	**કાન** ના બે અક્ષર	**હાથ** ના બે અક્ષર	**કેડ** ના બે અક્ષર	**પંજા** ના બે અક્ષર
ભાલ ના બે અક્ષર	**જીભ** ના બે અક્ષર	કાનની **બુટ** ના બે અક્ષર	હાથની **રેખા** ના બે અક્ષર	**પેટ** ના બે અક્ષર	**એડી** ના બે અક્ષર
નાક ના બે અક્ષર	**દાંત** ના બે અક્ષર	**ગળા** ના બે અક્ષર	**કોણી** ના બે અક્ષર	**નાભી** ના બે અક્ષર	**નખ** ના બે અક્ષર

થાપા ના બે અક્ષર અને તમારું અને મારું આયુષ્ય પુરું થઈ જાય ને જે **પ્રાણ** નીકળે એ **પ્રાણ** પણ બે અક્ષર અને એ **શબ** ના પણ બે અક્ષર અને એ **શબ** ચાર જણા ઉચકે એને **ડાઘુ** કહેવાય એ **ડાઘુ** ના બે અક્ષર .

આખી જીંદગી **રામ** નામ નહી બોલ્યા હોય તો છેલ્લે ઉચકયા પછી **ડાઘુ**ઓ બોલશે **રામ** બોલો ભાઈ **રામ** એ **રામ** ના બે અક્ષર એ સ્મશાન યાત્રા ની **દોણી** લઈને ચાલે એ **દોણી** ના બે અક્ષર સ્મશાનમા જાય ને એ **ચીતા** હોય એ **ચીતા** ના બે અક્ષર અને અગ્નિ આપે અને શરીર સળગી **રાખ** બને એ **રાખ** ના બે અક્ષર અને **ટાટી** વાળે એ **ટાટી** ના બે અક્ષર અને હાડકા લે એને હાડકા નઈ પણ **ફુલ** કહેવાય એ **ફુલ** ના બે અક્ષર અને એ **ફુલ** અને જે **કુંભ** માં રાખે એ **કુંભ** ના બે અક્ષર એ **કુંભ** ને જે **ગંગા** માં પધરાવવામાં આવે એ **ગંગા** ના બે અક્ષર અને છેલ્લે **મોક્ષ** ના બે અક્ષર... બોલો જયશ્રી રામ

સંકલન : કિશોરભાઈ એચ. નિંબાર્ક, (ચેરમેન રાજમંડળ - સાવરકુંડલા)

માણસોના હજારો રંગ બદલતા જોયા છે મે.....

- બેજુબાન પથ્થર પર લાખોનાં ઘરેણાં લટકતાં જોયાં છે મેં.
  અને મંદિરની સીડી પર એક રૂપિયા માટે તરસતું દેશનું ભવિષ્ય પણ જોયું છે મેં.
- સજાવ્યા છપ્પન ભોગ અને મીઠા મેવાઓ એક 'મૂરત'ની સામે,
  મંદિરની બહાર એક માનવને ભૂખથી તડપતો જોયો છે મેં.
- ઓઢાડેલી છે રેશમી ચાદરો તે મજાર પર,
  બહાર એક વૃદ્ધ માતાને ઠંડીથી થર થર કાંપતી જોઈ છે મેં.
- મૂર્ખ દઈ આવ્યો છે લાખો રૂપિયા મંદિર નિર્માણ માટે,
  એના જ ઘરમાં માત્ર ૫૦૦ રૂપિયા માટે કામવાળી બાઈને બદલતાં જોઈ છે મેં.
- સાંભળ્યું છે ચડ્યો છે મંદિરનાં પગથિયાં તેના દુઃખના નિવારણ માટે,
  એના જ માબાપને અનાથાશ્રમમાં, રડતાં કકળતાં પણ જોયાં છે મેં.
- સળગાવતા રહ્યા તે અખંડ જ્યોત સાચા દેશી ઘીથી,
  ગરીબ ભૂખ્યા તરસ્યા બટકું રોટલા માટે ઝગડતા જોયા છે મેં.
- જેણે નથી આપી માબાપને ભરપેટ રોટલી ક્યારેય
  આજ અચાનક તેને સમાજમાં સમૂહભોજન કરાવતા જોયા છે મેં.
- કહેવા માટે શબ્દો પણ ઓછા પડે છે મારા હવે,
  માણસોના હજારો રંગ બદલતા પણ જોયા છે મેં...

સંકલન ડો.અશ્વિનભાઈ પી. રામાનુજ (સંપાદક રામભક્ત ટ્રસ્ટી રાજ્ય મંડળ)

ક્ષમા એટલે કચડી નાખ્યા પછી પણ ફુલોની પાંદડીઓએ આપેલી સુગંધ.

સ્વામીશ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન્

માતૃછાયા, લાયબ્રેરી સામે, મેઈન રોડ, જોરાવરનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦
E-mail : Raghuvir.ramanuj@gmail.com

SRSS

